# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૨/૧૯-૨૦/૬૪૨૬–૧** **તા.૨૪–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૭/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **શ્રીમતી વિજયાબેન લવાભાઇ છાયાણી** ગામ: **જસદણ**

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જસદણ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૭-૦૯-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૦૯-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રીમતી વિજયાબેન લવાભાઇ છાયાણી ગામ -જસદણ, તેઓની અરજીના નોંધણી નં: ૨૭/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.–૩૪૯૦૧/૧૭૧૨૫/૯ થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે, જેમાં રૂ.૩૫,૯૬૮/૦૨ બાકી હોય, આર્થિક નબળી પરીસ્થિતીના કારણોસર ભરપાઈ થઈ શકેલ ન હતા. જેથી, સદર વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરેલ – ત્યારબાદ, માફી યોજના અન્વયે – વીજબીલની અડધી રકમ – જસદણ કચેરીએ ભરપાઈ કરેલ. તેમ છતા, જુની વીજ લેણી રકમ બાકી રાખેલ છે. જે ભરપાઈ કરવાની નોટીસ માહે માર્ચ–૧૯ મા આપેલ છે, જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- જસદણ વિભાગીય કચેરી તાબાની જસદણ પેટા વિભાગીય કચેરી ના અરજદાર શ્રીમતી વિજયાબેન લવાભાઇ છાયાણી, રહેવાસી લાતીપ્લોટ, મણી નગર, વેણીલાલ સ્કૂલ ની બાજુમાં, મુ. પો.- જસદણ, જી. રાજકોટ, સદર અરજદાર શ્રીમતી એ રદ થયેલ ઘર વપરાશ વીજ કનેક્શન માટે માફી યોજનાનો લાભ ન આપવા અંગે CGRF માં તારીખ ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ રજૂઆત કરેલ છે.

ઉપરોક્ત બાબતે આપ સાહેબ શ્રી ને જણાવવાનું કે જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર ને સરકાર શ્રી ની માફી યોજના નો લાભ આપવા માં આવેલ છે તેમજ ગ્રાહક સાથે સમાધાન થયેલ છે જે બાબતની સમાધાન પુરશીસ ની નકલ રજુ કરેલ છે. આમ અરજદાર દ્વારા CGRF માં કરેલ રજુઆત નું યોગ્ય નિરાકરણ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા. ૦૧–૦૮–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |